
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol.2, Issue. 23, June - August 2020

આપણી શિક્ષણ પધ્ધતિ એવી હોવી જોઈએ જેમાં વિજ્ઞાન, વિનયન, કાનૂન, સાહિત્ય અને રાજકારણ જેવાં ક્ષેત્રો સાથે સંકળાયેલ આપણા સમર્થ મહાનુભાવોના અનુભવોમાંથી સાંપડેલ નૈતિક મૂલ્યો રચાયેલાં હોય. પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે તે બાળકોમાં પડેલી સર્જકતા બહાર લાવે. દરમિયાન બાળકો ઉપર વધારે પડતો બોજ ન પડે એ બાબતે પણ સમીક્ષા થતી રહેવી જોઈએ તો જ બાળકોની સર્જકતા પૂરેપૂરી ખીલી શકશે.

– એ.પી.જે. અબ્દુલ કલામ

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

શિક્ષણ એટલે...

વિશ્વ અને સંસાર પરિવર્તનશીલ છે પરંતુ પરિવર્તનનો આ નિયમ સંપૂર્ણપણે નહીં તો આંશિક રીતે શિક્ષણજગતને લાગુ પડે છે. તેથી જ તો 'વિદ્યા'ની પરિભાષા કરતાં શાસ્ત્રકારોએ સૂત્રના સ્વરૂપમાં કહ્યું છે કે, **'सा विद्या या विमुक्तये'**ના પ્રાચીન આદર્શથી માંડીને 'રોજગારી'ના કે 'ઉદરપૂર્તિ'ના ખ્યાલને પોતાની આંખ અને પાંખમાં લઈને આગળ વધતો ચાલે છે ! પ્રજાની આશા–અપેક્ષાઓનું પ્રતિબિંબ નવી શિક્ષણનીતિમાં પ્રદર્શિત થાય છે જેનો આપણે અમલ કરીને શિક્ષણને સામર્થ્યવાન બનાવવા માટેનો ઉત્તમ પ્રયાસ એટલે નવી શિક્ષણનીતિ– ૨૦૨૦ની બુલંદ જાહેરાત ! વ્યકિત અને સમાજના ચૈતન્ય અને વિકાસનો આધાર શિક્ષણ અને કેળવણી પર છે. શિક્ષણ એ સમાજને આપેલી મોટામાં મોટી ભેટ છે એ સંદર્ભમાં સિસેરો કહે છે કે : 'આપણે પ્રજાતંત્રને આપણા તરુણોને શિક્ષિત કરવાથી વધે એવો બીજો કયો ઉપહાર આપીએ છીએ ?' ખરેખર વિકાસની વાતનો વ્યવહારમાં અમલ કરવો હોય તો શિક્ષણ સિવાય કોઈ શ્રેષ્ઠ ઉપાય નથી. સાચું શિક્ષણ વિદ્યાર્થીને 'પરીક્ષાર્થી' બનાવતું નથી પણ સ્વામી વિવેકાનંદ કહે છે તેમ 'જીવનનિર્માણ, મનુષ્યનિર્માણ તથા ચરિત્રનિર્માણમાં સહાયક થાય' તેવું હોવું જોઈએ. તો ઉત્સાહ–ઉમંગ–આદર્શ સાથે નૂતન નિર્માણના સંદર્ભે નવી શિક્ષણનીતિને નિહાળીએ...

શિક્ષણ અને ખાસ કરીને ઉચ્ચશિક્ષણ એ મનુષ્યના વધુ સભ્ય બનવાના પ્રયાસનો જ અંતર્ગત ભાગ છે અને તેથી ધ્યેયને સિધ્ધ કરવા માટેનું સાધન ઉપરાંત તે સ્વયં જ એક ધ્યેય બની જાય છે. તેથી લોકશાહી અને માનવતાની દૃષ્ટિએ એમ કહી શકાય કે દરેકને તેની ક્ષમતા અનુસાર દરેક સ્થળે અને કોઈપણ ઉંમરે બધા પ્રકાર અને સ્તરના શિક્ષણની સુવિધા પૂરી પાડવી જોઈએ. માત્ર જેઓ તેનો ઉત્તમ ઉપયોગ કરી શકે તેમને જ નહિં, પરંતુ જેઓ તેનો કંઈક પણ ઉપયોગ કરી શકે તેવી હોય તેમને પણ એ તક આપવી જોઈએ.

એક રીતે જોવા જઈએ તો શિક્ષણનો ઈતિહાસ કોઈ જાતિની સભ્યતા–શાલીનતાના કિસ્સાનો જ ઈતિહાસ છે. કોઈ જાતિની નૈતિક તથા બૌધિક ઉન્નતિ તેના શિક્ષણ–ક્રમનું જ ફળ છે. પ્રત્યેક પેઢી આવનારી પેઢીને એ આશયથી શિક્ષણ આપે છે જેમાં તે ઉન્નતિનું રક્ષણ કરી શકે અને સંભવ હોય તો તેની વૃધ્ધિ પણ કરી શકે જે ઉન્નતિને તેણે જૂની પેઢી પાસેથી મેળવેલ છે.

શિક્ષણ જીવનના સંસ્કાર છે. સોળ સંસ્કારોમાં ભલે તેની ગણના ન કરવામાં આવી હોય, પરંતુ જીવનને સંસ્કારી બનાવવામાં તેની મુખ્ય ભૂમિકા છે. કઠોર સંયમ અને કઠોર શ્રમ ધ્વારા અર્જિત શિક્ષણ વ્યકિતત્વને સર્વાંગીરૂપમાં શોભાવે છે.

પ્રાચીન સમયમાં શિક્ષણને અંતર્જ્યોતિ અને શકિતનો સ્ત્રોત માનવામાં આવતું હતું, જે શારીરિક, માનસિક, બૌધ્ધિક અને આત્મિક શકિતઓના સંતુલિત વિકાસ દ્વારા આપણા સ્વભાવમાં પરિવર્તિત કરે છે અને તેને શ્રેષ્ઠ બનાવે છે. આ રીતે શિક્ષણ આપણને સમાજમાં એક વિનીત અને ઉપયોગી નાગરિક તરીકે રહી શકીએ એને યોગ્ય બનાવે છે. એ અપ્રત્યક્ષ રીતે આપણને ઇહલોક અને પરલોક બંનેમાં આત્મિક વિકાસમાં સહાયતા કરે છે.

શિક્ષણ માટે આપણે જેટલાં નાણાં ઈચ્છિએ છીએ તેટલાં નાણાં આપણને કદાપી મળવાનાં નથી. સદભાગ્યે આપણે જો ગંભીર હોઈએ તો નાણાં વગર આપણે ઘણું કરી શકીએ તેવું છે. જેની જરૂર છે તે તો ધ્યેય માટે સમર્પણભાવના અને શિક્ષણના ધ્યેય જેટલું મહાન અને ઉદાત્ત કોઈ ધ્યેય નથી.

આપણે નવી 'શિક્ષણનીતિ'ના સૂચિતાર્થોને સાકાર કરી ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ કરી ભારતને 'વિશ્વગુરુ' બનાવીએ.

તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૦

ડૉ. હેમાલીબેન દેસાઈ
ઈ.ચા.કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ




વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ પ્રિ. (ડૉ.) હેમાલીબેન દેસાઈની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ઈ.ચા.કુલપતિશ્રી તરીકે રાજય સરકારે નિમણૂંક કરી છે. માન. કુલપતિશ્રીએ તા. ૨૩–૮–૨૦૨૦ના રોજ સાંજે ૬:૧૦ કલાકે કુલપતિશ્રીનો ચાર્જ સંભાળેલ છે. અભિનંદન.

## ૫૧મો ખાસ ઈ–પદ્‌વીદાન સમારોહ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનો ૫૧મો ખાસ 'ઈ–પદવીદાન' સમારંભ તા. ૨૮–૮–૨૦૨૦ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી પરીસર ખાતે ઈ.ચા.કુલપતિ ડૉ. હેમાલીબેન દેસાઈની અધ્યક્ષતામાં યોજાયો હતો. આ સમારંભમાં ઈ.ચા.કુલસચિવ અરવિંદ ધડુકે સ્વાગત પ્રવચન કર્યુ હતું. વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓએ પદવીઓ અંગેના પ્રસ્તાવ રજૂ કર્યા હતા, જે સેનેટ દ્વારા મંજૂર થયા બાદ ઈ.ચા.કુલસચિવ અરવિંદ ધડુકે પદવીઓ એનાયત થયા અંગેની જાહેરાત કરી હતી. ઈ.ચા.કુલપતિ ડૉ. હેમાલીબેન દેસાઈએ પ્રેરણાદાયી અધ્યક્ષીય વકતવ્ય આપ્યું હતું અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. અતિથિ વિષેશ તરીકે રાજયના માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઓનલાઈન દિક્ષાંત પ્રવચન આપ્યું હતું જેમાં તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સરકારની વિવિધ યોજનાઓની માહિતી પણ પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે સેનેટ તથા સિન્ડિકેટના સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ, યુનિવર્સિટીના વિભાગીય વડાઓ, અધિકારીઓ, કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો, આમંત્રીતો તથા પદવી ગ્રહણ કરનાર વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઓનલાઈન જોડાયા હતા. વિદ્યાર્થીઓ આ સમારંભ ફેસબુક પર લાઈવ નિહાળ્યો હતો. આ સમારંભમાં જુદી જુદી ૧૨ વિદ્યાશાખાઓની કુલ ૮૫ પ્રકારની કુલ ૩૬૮૨ પદવીઓ એનાયત કરવામાં આવી હતી. જે પૈકી ૧૪ વિદ્યાર્થીઓને એમ.ફીલ તથા ૪૭ વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી હતી.

















51st
SPE
E-CONV
Friday, Aug


VNSGU
SPECIA
-CONVOCA
riday, August 2


51st
SPECIAL
E-CONVOCATION
VNSGU


VNSGU
51st
SPECIAL
E-CONVOCATION
Friday, August 28, 2020








VNSGU
51st
SPECIAL
E-CONVOCATION
Friday, August 28, 2020

















## વૃક્ષારોપણ

ઈ.ચા.કુલપતિશ્રી ડૉ. હેમાલીબેન દેસાઈએ યુનિવર્સિટી પરીસરમાં તા. ૧–૯–૨૦૨૦ના રોજ યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કર્યુ હતું.
















## પ્રોફેસરની પ્રેરણારૂપ કોવિડ યાત્રા




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. કિશોરભાઈ પોરીયાએ અત્યંત દુ:ખદ અને ખરાબ કોવિડ કાળને તક સમજીને ખૂબ જ રસપ્રદ રીતે "કોવિડ યાત્રા" કરી છે. "અધ્યાપક જીવનભર વિદ્યાર્થી જ છે" એ વાકયનું યથાર્થ ઠેરવતાં તેઓએ માર્ચ માસથી જુલાઈ માસ દરમ્યાનનો સમય વિશ્વભરમાં ચાલતાં વિવિધ ઓનલાઈન વેબીનાર, સીમ્પોઝીયમ, ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, સેમીનારમાં સક્રિય રીતે ભાગીદારી કરી હતી. તેઓએ અંદાજે ૧૫૦ થી વધુ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. તેઓ ૧૭ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ / લેકચર સીરીઝ ૩૩ આંતર રાષ્ટ્રીય વેબીનાર / સેમીનાર / સીમ્પોઝીયમ, ૨૪ રાષ્ટ્રીય વેબીનાર તથા અન્ય ૫૯ ઓનલાઈન વેબીનાર કાર્યક્રમોમાં જોડાયા હતા. તેઓએ આંતર રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વૈજ્ઞાનિક સાધનો બનાવતી કંપનીઓ જેવી કે, બ્રૂકર, ઝેઈસ, પાન એન્ટોન, થર્મો ફીસર તથા આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંસ્થાઓ એ.સી.એસ.સી.એસ.ઈ., અબીનો વસ, ભારતની ખ્યાતનામ સંસ્થાઓ આઈ.આઈ.ટી. મુંબઈ, આઈ.આઈ.ટી. ગૌવાટી, એન.આઈ.ટી. રૂરકેલા, આઈ.આઈ.ટી.ઈ. તેમજ ખ્યાતનામ યુનિવર્સિટીઓ જેવી કે એમીટી, અલત્રય્યા, વી.આઈ.ટી., ચારૂસેટ, રાઈ, મદુરાઈ કામરાજ, વી.પી.એમ. પૂર્વાચલ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ બિહાર, સત્યભામા તથા ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ તેમજ દેશની ખ્યાતનામ કોલેજો જેવી કે લોયેલા, જોસેફ, ફ્રાન્સીસ જેવીયર, જેવીયર, સેન્ટ મેરી, ફાતીમા, પાચ પીઆ, અબ્દુલ રહેમાન, ચીદમબરમ, એસ.જી.કે., રામ, થીયાથ રાજ, ઈથીરાજ, એસ.આર.જી., પોપ્સ, હોલી ક્રોમ, જોસેફ, એસ.એસ.એમ. વગેરે. સંસ્થાઓ દ્વારા યોજાયેલ કાર્યક્રમોમાં પોતાનાં સંશોધન ક્ષેત્ર તથા તેમનાં શિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ વિષયો જેવા કે નેનો ટેકનોલોજી, નેનો સાયન્સ, માઈક્રો ઈલેકટ્રોનીકસ ડીવાઈસીસ, એફ.એફ.એમ. આઈ.આઈ., એનર્જી, હાર્વેસ્ટીંગ, બાયોમેડીસીન, લેસર અને ઓરગેનીક એલ.ઈ.ડી., રોબોટીકસ, ક્રીસ્ટલોગ્રાફી, કોવિડ સોલ્યુસનમાં નેનો ટેકનોલોજી, ઈલેકટ્રોકેમીકલ સેન્સર્સ, સ્પેસ સાયન્સ, સ્પીન

ટ્રોનીકસ, થીન ફીલ્મ ટેકનોલોજી (ફલેકસીબલ ઈલેકટ્રોનીકસ) સોલર સેલ, એસ્ટ્રોનોમી અને એસ્ટ્રોનોમીકસ, ટેરાહર્ટઝ ફીકવીન્સી, ગ્રીનમટીરીયલ્સ, ઓપ્ટો ઈલેકટ્રોનીકસ જેવા અત્યંત મહત્વનાં ક્ષેત્રોમાં થયેલ પ્રગતિની ગાથા વિષયની માહિતી મેળવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીકીય પ્રવૃત્તિ ઈનોવેશન, એન્ક્રોપેનીયોશીપ, આઈ.પી.આર, પેટન્ટ, સ્ટાર્ટ અપ, ઈન્ડીયન એજ્યુકેશન, આત્મનિર્ભર ભારત, ઈનફોર્મેશન ટેકનોલોજીનો શિક્ષણમાં ઉપયોગીતા, લીટરેચર અને મુવી, ફેમિલિ અને સોશ્યલ હેલ્થ, કલાઈમેટ ચેંજ, મેઈક ઈન્ડિયા, એથીકસ ઈન રિસર્ચ, જેવા અન્ય સામાજીક વિજ્ઞાન ક્ષેત્રમાં પણ પોતાના જ્ઞાનમાં વૃધ્ધિ કરતા રહ્યા હતા. પોતાના સતાવનમાં જન્મદિન સુધીમાં તેઓએ સતાવન સર્ટીફીકેટ મેળવવાની તમન્ના હતી. પરંતુ લોકડાઉન સમય વધતાં જતાં તેઓ અંદાજીત એકસો સતાવન સર્ટીફીકેટ મેળવનાર છે. આમ, "જ્ઞાનોપસના એ શિક્ષકનો ધર્મ છે અને તેનું પ્રસારણ એ પોતાનું કર્મ છે." તેવું તેમનું વ્યકિતગત મંતવ્ય છે. આથી જ આવા જટિલ સમયમાં અદ્વિતીય "કોવિડ યાત્રા" તેઓ કરી રહ્યા છે.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### પુસ્તક પ્રદર્શન

તા. ૪–૭–૨૦૨૦ના રોજ સ્વામી વિવેકાનંદની પૂણ્યતિથિ નિમિત્તે યુનિવર્સિટી ગ્રંથાલય ખાતે 'સ્વામી વિવેકાનંદ'ના પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેનો લાભ યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપભોકતાઓએ લીધો હતો.






## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### "આત્મનિર્ભર ભારત" : નેશનલ વેબીનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૩ જુન, ૨૦૨૦ બુધવારના રોજ "કોવિડ–૧૯ પછી આત્મનિર્ભર ભારત" વિષય અંતર્ગત google Meet અને You Tubeના માધ્યમથી ૧૧માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ. કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં શ્રી મનસુખ માંડવીયા કેન્દ્રિય રાજયમંત્રી – જહાજ (સ્વતંત્ર હવાલો), રસાયણ અને ખાતર મંત્રી, રાજયસભાના સભ્ય મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૧૦,૦૦૦ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં શ્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું કે, ભારતે આત્મનિર્ભર બનવું પડશે આત્મનિર્ભર એટલે ભારત ૬૧૭,૯૪૬ મિલિયન ડોલરનું આયાત કરે છે જયારે ૩૨૨,૨૯૨ મિલયન ડોલરની નિકાસ કરે છે. જેથી ૨૯૫,૬૫૪ મિલિયન ડોલર ખાદ્ય રહી જાય છે. જેને પુરી કરવી ખૂબ જ જરૂરી છે. ભારત નવી ટેકનોલોજી, નવીનતા દ્વારા આત્મનિર્ભર બની શકે. કોરોના વાયરસ દ્વારા વિપરિત પરિસ્થિતિમાં માનવતાના ધોરણે ભારતે ૧૧૩ જેટલા દેશોમાં દવા અને મેડિકલ સાધનો મોકલ્યા છે. જેથી ભારતને આવનારા સમયમાં દુનિયા સન્માનથી જોશે અને ભારતની પ્રતિષ્ઠામાં વધારો થયો છે. દરેકનું સન્માન કરવું તે ભારત દેશની સંસ્કૃતિ છે. કેન્દ્ર સરકારે વિવિધ ક્ષેત્રો માટે જે ૨૦.૯૭ લાખ કરોડનું જે પેકેજ જાહેર કર્યુ છે જેનાથી ભારત ખૂબ ઝડપથી આત્મનિર્ભર બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

શ્રી મનસુખ માંડવીએ વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સૌ પ્રથમ લોકોના આરોગ્યની ચિંતા કરી લોકડાઉનનો વિકલ્પ પંસદ કર્યો હતો. જેથી જ આજે આપણો વિશ્વની સરખામણીમાં સૌથી ઓછો મૃત્યુદર રહ્યો છે. કોવિડ–૧૯ પછી સોશ્યિલ ડિસ્ટન્સ અને સરકારની માર્ગદર્શિકાનો અમલ કરી દેશની ૧૩૦ કરોડની જનતાને કદમથી કદમ મિલાવી દેશના અર્થતંત્રને ફરી બેઠુ કરવાનો સમય આવી ગયો છે. કેવિડ–૧૯ લોકોને ઘણી સારી બાબતો પણ શીખવી છે. જે તેમને આત્મનિર્ભર બનવામાં મદદ કરશે. મેડિકલ ક્ષેત્રના ઉત્પાદનમાં ભારત અગ્રેસર છે. પરંતુ તેની દવાના રો–મટીરીયલ માટે આજે પણ આપણે આત્મનિર્ભર બનવાની જરૂર છે. કેમિકલ અને ખાતર ક્ષેત્રમાં ખાતરની નિકાસ કરવા માટે ભારત પાસે વિપુલ તકો છે અને સરકારે દેશોમાં ખૂબ જ ઝડપથી કામ કરી રહી છે.તેમણે પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા.

મુખ્ય વકતાનો પરિચય ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ આભારવિધિ ડૉ. મેહુલ શાહે કરી હતી. વેબીનારનું સંચાલન ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મેહુલ શાહ અને ડૉ. મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. અહી ઉલ્લેખનીય છે કે જયારથી લોકડાઉન થયુ ત્યારથી જ આચાર્યશ્રી ડૉ. કે.એન.ચાવડાના માર્ગદર્શન દ્વારા આવા વેબીનાર સીરીઝ તેમજ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શૈક્ષણિક વર્ગો ચલાવવામાં આવે છે.



## "કેવી રીતે ઝડપથી પ્રમોશન અને આર્થિક વધારો મેળવવો" : નેશનલ વેબીનાર

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૭ જુન, ૨૦૨૦ રવિવારના રોજ "કેવી રીતે ઝડપથી પ્રમોશન અને આર્થિક વધારો મેળવવો" વિષય અંતર્ગત google Meet અને You Tube, Facebook, Twitterના માધ્યમથી ૧૨મા નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં કોર્પોરેટ ટ્રેનર અને બિઝનેસ કોચ ડૉ. નિરવ મજુમદાર મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૩૫૬૨ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં ડૉ. નિરવ મજુમદારે તેમના સંપૂર્ણ વકતવ્યમાં સંસ્થાકીય વાતાવરણને અનુકુળ બનાવવા માટે તેમજ સંસ્થાની પ્રગતિ માટે વિવિધ મુદ્દાની ચર્ચા કરી હતી જેમ કે,

૧. કર્મચારીએ તેના વાણી, વ્યવહાર અને વર્તનમાં સુધારો કરવો.
૨. કર્મચારીએ તેમની પોતાની તેમજ તેમના ઉપરી અધિકારીની સમસ્યાઓનો ઉકેલ લાવવો.
૩. સંસ્થા કે કંપનીની મહત્વની બાબતોના નિર્ણયમાં મદદરૂપ થવું.
૪. તમારી કાર્યસુચીથી ઉપર રહીને વિચારવુ અને કાર્ય કરવું.
૫. પ્રથમ પોતાને સાબિત કરો અને તમારા કાર્યથી જ તમારી જાહેરાત થવા દો.
૬. "Hand, Head and Heart"ને સાથે રાખી કાર્ય કરવું.
૭. હંમેશા નવી ટ્રેકનોલોજીને શીખતા રહો.
૮. હંમેશા નવા દૃષ્ટિબિંદુથી વિચારતા શીખો.
૯. પોતે લીડર બનો અને અન્યને તે માટે પ્રેરણા આપો.
૧૦. જયારે પણ ભેગા મળો ત્યારે અન્ય લોકોની વાતો નહી પરંતુ નવા વિચારોની ચર્ચા કરો વગેરે બાબતો પર વિસ્તારથી ચર્ચા કરી હતી.

ડૉ. નિરવે પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા.

મુખ્ય વકતાનો પરિચય ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ આભારવિધિ ડૉ. મયંક સોઢાએ કરી હતી. વેબીનારનું સંચાલન ડૉ. મેહુલ શાહ ડૉ. મયંક સોઢા અને ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું. અહી ઉલ્લેખનીય છે કે જયારથી લોકડાઉન થયું ત્યારથી જ આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન દ્વારા આવા વેબીનાર સીરીઝ તેમજ વિદ્યાર્થી માટે ઓનલાઈન શૈક્ષણિક વર્ગો ચલાવવામાં આવે છે.

You Tube Link : http://www.youtu.be/IKkIqyWj6fo



## 'યુવા અને રાષ્ટ્ર' : નેશનલ વેબીનાર


જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૯ જુન, ૨૦૨૦ મંગળવારના રોજ "યુવા અને રાષ્ટ્ર" વિષય અંતર્ગત Google Meet અને You Tube, Facebookના માધ્યમથી ૧૩માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આશીર્વચનો આપ્યા હતા. જેમાં ગુજરાત ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખશ્રી અને ગુજરાતના ભૂતપૂર્વ ગૃહમંત્રીશ્રી ગોરધનભાઈ ઝડફીયા મુખ્ય વકતા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૧૦૦૦૦ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં શ્રી ગોરધનભાઈ ઝડફીયાએ જણાવ્યું કે, આખા વિશ્વમાં માત્ર ભારત દેશને માતાનો દરજ્જો મળ્યો છે. રાષ્ટ્ર માત્ર ભૂમિ નથી એ આત્મા છે. ભારતે દુનિયાને આધ્યાત્મિકતાનું જ્ઞાન આપ્યું છે. આંતકવાદ, ભ્રષ્ટાચાર, બેરોજગારી દેરની મુખ્ય સમસ્યા છે. ભારત યુવાઓનો દેશ છે. ૨૦૫૦ સુધી દુનિયાની ત્રીજી આર્થિક શકિત બનાવવાનું અનુમાન છે.

શ્રી ગોરધન ઝડફીયાએ વધુમાં જણાવ્યું કે, યુવાનોમાં શકિત, સામર્થય, પુરુષાર્થનો અભાવ નથી માત્ર એને રાષ્ટ્રભકિત, રાષ્ટ્રએકતા અને સમભાવથી એક થઈ ભારતને આર્થિક મહાસત્તા બનાવી શકાય. રાષ્ટ્ર પ્રત્યે ગૌરવ, સ્વાભિમાન યુવાનોમાં હોવું જોઈએ. ભારતના ૫ લાખ

ગામડાને સારી સુવિધા આપી દેશની મુખ્ય ધારામાં સમાવી દેશનો વિકાસ કરી શકાય. યુવાનો એ માત્ર ડીગ્રી આધારિત શિક્ષણ નહી પરંતુ કળા અને કૌશલ્ય વિકસાવી સ્વ–રોજગાર તરફ વળવું જોઈએ. સ્વદેશી વસ્તુઓને પ્રાધાન્ય આપી આત્મનિર્ભર બની શકાય. આયાત અને નિકાસ વચ્ચેનું સંતુલન ખૂબ જરૂરી છે. જે વસ્તુ ભારતમાં બની શકે તે સ્વદેશી વસ્તુ જ વાપરવી જોઈએ. ભારતનો ઈતિહાસ પરંપરા, મહાપુરુષો, સંસ્કાર યુવાનોને પ્રેરણા આપી શકે જેથી શિક્ષણ પ્રણાલીમાં બદલાવ કરી તેનો સમાવેશ કરવો જોઈએ. તેમણે મોદી સરકારની નીતિઓની પ્રશંસા કરી હતી.તેમણે પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા.

મુખ્ય વકતાનો પરિચય ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ આભારવિધિ ડૉ. સેજલ દેસાઈએ કરી હતી. વેબીનારનું સંચાલન ડૉ. મેહુલ શાહ ડૉ. મયંક સોઢા અને ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું. અહી ઉલ્લેખનીય છે કે જયારથી લોકડાઉન થયુ ત્યારથી આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાના માર્ગદર્શન દ્વારા આવા વેબીનાર સીરીઝ તેમજ વિદ્યાર્થી માટે ઓનલાઈન શૈક્ષણિક વર્ગો ચલાવવામાં આવે છે.

You Tube Link : http://www.youtu.be/4qA7mki6iIY



## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

### 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' અંતર્ગત "Covid-19" ની મહામારી દરમ્યાન તણાવ અને રોગ–પ્રતિરક્ષા : નેશનલ લેવલ યોગ–વેબિનાર

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ તા. ૨૦/૬/૨૦૨૦ના રોજ "Covid-19" જેવી મહામારી દરમ્યાન તણાવ અને રોગ–પ્રતિરક્ષા વિષય પર નેશનલ લેવલ યોગ–વેબિનારમાં સુરતના પ્રખ્યાત ઈન્ટરનેશનલ યોગા તથા મેડીટેશન ટ્રેનર શ્રીમતી અલ્કા સંખલા અને તેમના કો–ટ્રેનર શ્રીમતી રંજના ભોલાવત દ્વારા વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે વેબિનારમાં જોડાયેલા સહભાગીઓને ધ્યાન અને યોગની પ્રવૃત્તિઓ પ્રાયોગિક દ્રષ્ટાંત આપીને કરાવી હતી. તેમણે સમજાવ્યું હતું કે આત્માનું પરમાત્મા સાથે મિલન એટલે યોગ કે જેના દ્વારા 'સ્વ'ની ઓળખ કરી શકાય અને પોતાની આંતરિક શકિત જાગૃત કરી શકાય. એમણે એ પણ સમજાવ્યું હતું કે યોગ એક ભારતીય સંસ્કૃતિની અનમોલ ભેટ છે. તેમણે "Covid-19" જેવી મહામારી દરમ્યાન તણાવથી દૂર રહેવા અને રોગ–પ્રતિકારક શકિત વધારવા વેબિનારમાં જોડાયેલા સહભાગીઓને ધ્યાન, પ્રાણાયામ, યોગ અને સૂર્ય નમસ્કાર પણ કરાવ્યા હતા.

આ કાર્યક્રમનું મુખ્ય હેતુ યોગ દ્વારા તણાવથી દુર રહેવા અને રોગ–પ્રતિરક્ષાનું મહત્વ સમજાવવાનો હતો. આ વેબિનારમાં યોગ વિષે પ્રાયોગિક દ્રષ્ટાંત પૂરું પાડવા બદલ આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે શ્રીમતી અલ્કા સંખલા અને શ્રીમતી રંજના ભોલાવતનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રો. ક્રિષ્ના દેસાઈ અને શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. તન્વી તારપરાએ કર્યુ હતું.




### "નેશનલ લેવલ ઓનલાઈન પોસ્ટર મેકિંગ" : સ્પર્ધા

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં, સપ્તધારાની રંગકલા કૌશલ્ય ધારા અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. યુનિટ દ્વારા 'Biodiversity', 'Say No to Plastic' અને 'Effects of Covid-19 on Environment' જેવા વિષય પર "નેશનલ લેવલ પોસ્ટર મેકિંગ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૩ રાજયો તથા કેન્દ્રશાસિત પ્રદેશોથી લગભગ ૪૩૦ જેટલી ઉચ્ચતર માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતકના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાંથી પ્રથમ ક્રમ એસ.પી.બી.ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરતની કું. શાયના જીન્દલ, દ્વિતીય ક્રમે જી.ડી.મોદી કોલેજ ઓફ આર્ટ્સ, પાલનપુરના શ્રી વિનોદકુમાર પંડયા અને તૃતીય ક્રમે શ્રીમતી દેવકીબા ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ, સેલવાસના શ્રી સ્વાગતો સાહી વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીનીઓમાં રહેલી પ્રતિભા વિકસાવવાનો અને સમાજમાં પર્યાવરણની જાગૃતિ ફેલાવવાનો હતો. આ સ્પર્ધામાં લુર્ડ્ઝ કોન્વેન્ટ સ્કુલના ભૂતપૂર્વ આર્ટ ટીચર શ્રીમતી જયશ્રી દેસાઈએ નિર્ણાયક તરીકે ફરજ બજાવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ક્રિષ્ના દેસાઈ, પ્રો. ડૉ. હીના દલાલ તથા ટેકનીકલ સ્ટાફ કુ. ક્રીના દેસાઈએ કર્યું હતું. વિજેતા સ્પર્ધકોને આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે તથા કાર્યક્રમના સંચાલક સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

## મન્થલી બુક રિવ્યુ

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ,સુરતમાં, સપ્તધારાના જ્ઞાનધારા અંતર્ગત કોલેજની લાયબ્રેરી કમિટી દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ બુક રિવ્યુ સીરીઝ – 'અભિગ્યા' અંતર્ગત નવમાં ડીજીટલ બુક રિવ્યુ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની મિસ. સોનિયા પાહવા એ ડૉ. ઉજવલ પટની લેખિત 'જીત યા હાર – રહો તૈયાર' પુસ્તકની સમીક્ષા કરી હતી. આ કાર્યક્રમમાં મિસ. સોનિયા પાહવાએ'જીત યા હાર – રહો તૈયાર' શીર્ષકને ચરિતાર્થ કરતા જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરી સફળતા કેવી રીતે મેળવવી તે વિશે લેખકના મંતવ્ય જણાવ્યા હતા. તેમણે નકારાત્મકતાનો સામનો કરી આગળ કેવી રીતે વધવું તે અલગ અલગ ઉદાહરણો આપી સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં દેશના ૧૮ રાજ્યોથી કુલ ૨૨૯ જેટલા એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલે મિસ. સોનિયા પાહવાનો શ્રોતાઓને પુસ્તકની સમીક્ષા કરવા બદલ આભાર વ્યકત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન લાઈબ્રેરી કમિટીના સેક્રેટરી પ્રો. ડૉ. નેહા રાવલે અને ચેર પર્સન શ્રી શિવાંગ મહેતાએ કર્યું હતું.

## C. N. Kothai Homoeopathic Medical College & Research Center, Vyara.

### World Yoga Day

On occasion of "World Yoga Day" 21/06/2020 our college C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara, Kalidas Hospital and HMAI, Unit vyara celebrated the "Yoga Programme" "DO YOGA BEAT CORONA" by live telecast on social media by AYUSH Department. The teaching staff, Non Teaching Staff & college students, HMAI vyara unit members had participated and performed various "Yogasanans" enthusiastically at home from 6.30am to 7.30am. The whole programme was performed under the guidance of Naturopath & Yoga trainer Dr. Piyush Pandya. The celebration of "World Yoga Day" was successfully organized by cultural committee at college under the guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.




### "Clinical Examination of a Neonate" : Seminar

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara in association with HMAI Vyara unit organized an online Seminar through the medium of Google Meet, on 26/06/2020. The Topic of the Seminar was "Clinical Examination of a Neonate" It was presented by two speakers (1) Dr. Kimshuk Modi, a Pediatrician and (2) Dr. Amit Patel, Newonatologist, both from Vyara. The Seminar was attended by 4th BHMS Student, Interns and Faulty of Practice of Medicine. The Seminar managed by Dr. Bhavin Modi, HOD, Department of Practice of Medicine under the guidance of principal of the college Dr. (Mrs.) Jyoti R. Rao.

### "Basic of Infertility" : Seminar

સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર, વ્યારા અને હોમિયોપેથીક મેડીકલ એસોસિયેશન ઓફ ઈન્ડિયા, વ્યારા શાખા દ્વારા હોમિયોપેથીક કોલેજ, વ્યારા ખાતે તા. ૨૭/૬/૨૦૨૦ના શુક્રવારે "Basic of Infertility" (સ્ત્રી–વંધ્યત્વ) વિષય ઉપર ઓનલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ભાવનગરના સ્ત્રીરોગના વિશેષજ્ઞ ડૉ. શ્વેતાબેન ચાવડા (MBDGO) એ જરૂરી પ્રાથમિક માહિતી, સલાહ–સૂચનો આપ્યા હતા. સેમિનારમાં તૃતીય વર્ષ અને ઈન્ટર્ની વિદ્યાર્થીઓ તેમજ ગાયનેકોલોજી ડિપાર્ટમેન્ટના શિક્ષકમિત્રોએ ભાગ લીધો હતો. સેમિનાર માહિતીપૂર્ણ રહ્યો.

સદર સેમિનારનું સંચાલન કોલેજના આચાર્યાશ્રી ડૉ. જયોતિબેન રાવ અને ડૉ. ભાવિન મોદીના માર્ગદર્શન હેઠળ સેમિનાર કમિટી ટિમે કર્યું હતું.

## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

ચાલુ વર્ષે કોરોનાની મહામારીને લીધે બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત તમામ શૈક્ષણિક સંસ્થાઓએ સામૂહિક રીતે એક જ સ્થળે મંડળના પદાધિકારીશ્રીઓ, સંસ્થાના સુકાનીઓ, મર્યાદિત શિક્ષકો/અધ્યાપકો અને

વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં સાદગીથી છતાં અર્થસભર રીતે આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી સંપન્ન કરી હતી. એમ.સી.ઝેડ હાયર સેકન્ડરી સ્કુલની ધો.૧૦માં અભ્યાસ કરતી અને શાસ્ત્રીયવાદનમાં રાષ્ટ્રીયકક્ષાએ સંસ્થાનું અને વિભાગનું નામ ગુંજતું કરી ગૌરવ અપાવનાર કું તિથિ મેહુલભાઈ પટેલે ધ્વજપ્રમુખ તરીકે ઉપસ્થિત રહી સહુને પ્રેરક સંબોધન કર્યુ હતું. શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના પ્રાંગણમાં સંપન્ન થયેલ આ કાર્યક્રમની પૂર્વભૂમિકા અને ઋણ સ્વીકાર પ્રિ.ડૉ. કિશોરભાઈ નાયકે કર્યા હતા. ઈ.ચા. આચાર્યશ્રી દિપેશ પટેલે સમગ્ર કાર્યક્રમનું ઝૂમ પ્લેટફોર્મ પરથી જીવંત પ્રસારણ સફળતાપૂર્વક કરવાનું આયોજન કર્યુ હતું. મેજર ડૉ. ભાવેશ દેવતા અને સોનલબેન વસાવાના માર્ગદર્શન હેઠળ એન.સી.સી. અને નેવીના કેડેટોએ ધ્વજવંદનની સમગ્ર પ્રક્રિયાને ગણવેશ અને અધિકૃત ગતિવિધિથી સમજાવી હતી.

## શિક્ષકદિન

એક શિક્ષક અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એસ. રાધાકૃષ્ણન પાંચમી સપ્ટેમ્બરે જન્મ્યા હતા. જયારે પણ લોકો તેમનો જન્મદિન ઊજવવાની ઈચ્છા કરતા, ત્યારે તે કહેતા કે તેને તો શિક્ષકદિન તરીકે ઊજવવો યોગ્ય થશે. તેથી જ પાંચમી સપ્ટેમ્બર દર વર્ષે શિક્ષકદિન તરીકે ઊજવાય છે. હું પણ શિક્ષક હોવાથી મને આ મહત્વના દિવસની ખૂબ ઈંતેજારી હોય છે.

શિક્ષણનો હેતું વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર–ઘડતરની ક્ષમતા વધારવાનો છે. વાલીઓ અને વિદ્યાર્થીઓએ શિક્ષકદિનની ઉજવણીમાં ભાગ લેવાની જરૂર છે. દેશની દરેક શાળામાં તેઊજવાય તે ખૂબ જ જરૂરી છે. આ જ સમય હોય છે જયારે શાળા અને બાળકોના વાલીઓ શિક્ષકના ફાળાની સ્વીકૃતિ કરે અને તેની સિદ્ધિઓને બિરદાવે. આ કાર્યક્રમમાં થોડા શિક્ષકોને તેમના અંગત અનુભવો વિશે અને તેમના વિદ્યાર્થીઓને શીખવા જે વિશિષ્ટ પર્યાવરણ તેમણે સર્જ્યું હોય તે વિશે કહેવા સૂચવવું જોઈએ. આ પ્રકારની ઉજવણી બીજા શિક્ષકોને પણ પોતાની શાળામાં સારું કાર્ય કરવા પ્રેરશે.

અંતે તો, સાચા અર્થમાં, શિક્ષણ એ સત્યની ખોજ છે. શિક્ષક તેના કેન્દ્રમાં છે. તે પોતાના જ્ઞાનની સતત પૂર્તિ કરશે અને પોતાને નિત્યનૂતન રાખશે. આના કારણે તેના વિદ્યાર્થીઓ હંમેશા તેના તરફ જીવંત જ્ઞાનકોશ, સ્નેહનો ફુવારો અને સૌથી વધુ તો, પ્રેમાળ માનવ તરીકે જોશે. શિક્ષક અદ્યતન ટેકનોલોજીની વિકાસ–પ્રક્રિયા શીખવવા નવી નવી તકો શોધતા રહેશે અને તેનો વર્ગખંડમાં પણ ઉપયોગ કરશે જેથી ટેકનોલોજી અને શિક્ષકસંયુકત શિક્ષણ ભારતમાં પ્રવર્તમાન થતું જશે.
જો દરેક વ્યકિત શિક્ષકના માર્ગદર્શન દ્વારા શિક્ષણનો ખરો અર્થ સમજી શકે, અને તેને માનવપ્રવૃત્તિનાં દરેક ક્ષેત્રમાં દાખલ કરે, તો વિશ્વ આજ કરતાં વધારે સુંદર અને જીવવા લાયક બનશે.

હું પણ એક શિક્ષક હોવાથી કહી શકું છું શિક્ષકો કોઈ પણ દેશ માટે કરોડરજ્જુ સમાન છે. એક સ્તંભ છે જેને કારણે દેશની બધી જ આકાંક્ષાઓ વાસ્તવમાં પરિવર્તિત થાય છે. સર્જનાત્મકતા એ શૈક્ષણિક પ્રક્રિયા, શાળાનું પર્યાવરણ અને, તે બધા કરતાં પણ, શિક્ષકની વિદ્યાર્થીઓની પ્રજ્ઞાને પ્રજવલિત કરવાની ક્ષમતાનું પરિણામ છે. ખરેખર કેવળ શિક્ષકનો સમાજ જ પ્રબુદ્ધ નાગરીકોનો સર્જક છે. ડૉ. એસ. રાધાકૃષ્ણનના મત મુજબ શિક્ષકો દેશમાં શ્રેષ્ઠ પ્રજ્ઞાવાનો જ હોવા જોઈએ. (સાભાર આતમ વીઝે પાંખ, ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ)

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Arvind V. Dhaduk**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭

**E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE **www.vnsgulibrary.org.in**